Permitted to Post at PSO-AHD : On every Tuesday

Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮

Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

## THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૨૩ ● તા. ૦૧.૦૬.૨૦૧૦ થી ૭.૦૬.૨૦૧૦ ● વૈશાખ સુદ ૦૪ થી વૈશાખ વદ ૧૦ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# વૈશ્વિક બજારોમાં રેલીને પગલે સેન્સેક્સ ૧૬૮૦૦ સપાટી ઉપર : સાવચેતીનું વલણ બરકરાર

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહ દરમ્યાન આપણે ભારતીય બજારોમાં વૈશ્વિક બજારોમાં આવેલી મોટી વધઘટના પગલે સમાંતર વધઘટ જોવા મળી હતી. હાલમાં

**શેરબજારની સમીક્ષા**



**દિપક અમીન**
**મો. ૯૩૭૭૦૦૮૭૦૮**

ભારતીય બજારોમાં ચાલી રહેલા નર્વસ અને પ્રેશરના વાતાવરણનું કારણ યુરોપિયન દેશોમાં ચાલી રહેલા સોવેરન ડેબ્ટ સંકટ એટલે કે સરકારી દેવાની અતિશયોક્તિ છે.

ભારતીય બજારો પર એક ઉડતી નજર નાખીને આપણે તાજેતરમાં અગત્યના ઘટનાક્રમનું વિવરણ કરીશું. બીએસઈનો સેન્સેક્સ સપ્તાહને અંતે ૩ દિવસની સતત રેલી બાદ ૨.૭ ટકા ૧૬૮૬૩ અને એનએસઈનો ૫૦ શેરનો નિફ્ટી આંકર.૫૪ ટકા વધીને ૫૦૬૬ બંધ રહ્યો હતો. જેમાં અડગ ગ્રુપના આરએનઆરએલ અને આર પાવર, રિલાયન્સ ઈન્ફ્રા. શેરોમાં અંબાણી ભાઈ વચ્ચેના નવા કરાર બાદ ઉછાળો જોવા મળ્યો હતો. બે સપ્તાહ અગાઉ આપણે સત્યમ અને માયટાસ ઈન્ફ્રાનું ઉદાહરણ ટાંકીને અડગ ગ્રુપના શેરો વિશે વાત કરી હતી. વધવા વાળા શેરોમાં અરેવા ટી એન્ડ ડી, લેન્કો ઈન્ફ્રા., ડીએલએફ, યુનિટેક, બેંક ઓફ રાજસ્થાન, પીપાવાવ, સ્ટરલાઈટ ઈન્ડ., ટાટા મોટર જ્યારે ઘટવા વાળા શેરોમાં આઈડીયા, એસીસી, ભારતી એરટેલ હતા.

> બ્રિટનની નવી સરકાર દ્વારા લેવાયેલ ખાધ-ઘટાડાના પગલે યુરોપની દેવા સંકટની સમસ્યાનો ઉપાય લેવાવાની દિશામાં ઉત્તમ પગલું છે

યુરોપના દેવા સંકટથી ગ્રસ્ત થયેલા ભારતીય બજારોને ક્યારે નિરાંત મળશે અને બુલ માર્કેટના નવા તબક્કામાં પ્રવેશશે ? આ પ્રશ્ન અઘરોછે પરંતુ વિકટ નથી. તાજેતરમાં જ અમેરિકા અને ચાઈનાની બેઠકો થઈ તેમાં અમેરિકા દ્વારા યુરોપનું સંકટ વિશ્વની ઈકોનોમી પર સામાન્ય અસર કરશે, જ્યારે ચાઈના દ્વારા તેના એક્ષપોર્ટ વિશે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

ઘણા લોકો યુરોપના ચલણ યુરો ને ડોલર સામે ઘટતા ભાવને મોટું કારણ અને ઈન્ડીકેટર જણાવીને યુરોપના સંકટની વિકરાળતા વિશે અતિશયોક્તિ કરે છે. સત્ય તો એ છે કે અગાઉ આર્જેન્ટિના અને અન્ય દેશો દ્વારા દેવાળું જાહેર કરવામાં આવ્યું હતું. ઉપરાંત યુરો ૪ વર્ષની નીચી સપાટીએ છે. યાદ કરો સબપ્રાઈમ સંકટ વખતે ડોલર યુરો વિરુદ્ધ ઘટી રહ્યો હતો ત્યારે પણ ડોલર ખતમ થઈ જશે તેવી અતિશયોક્તિ દ્વારા જ પ્રતિપાદીત કરવાનો પ્રયત્ન કરવામાં આવતું હતું. જ્યારે અત્યારે તેનાથી ઉલટું જો યુરો ડોલર સામે તુટી જશે, ને તેનું વિઘટન થઈ જશે વિગેરે વિગેરે અતિશયોક્તિ પુર્વક પ્રતિપાદીત કરવામાં આવી રહ્યું છે. બીહેવીયરલ ફાઈનાન્સ એટલે કે ફાઈનાન્સ ક્ષેત્રમાં સાઈકોલોજીકલ ભલામણોમાં આ વસ્તુનો સમાવેશ થાય છે.નવા બ્રિટીશ પ્રધાન મંત્રી ડેવીડ કેમરોન દ્વારા સરકારી ખર્ચમાં આ વર્ષે ૯ બિલીયન ડોલરનો કાપ મુકીને બ્રિટનનું ગવર્નમેન્ટનું દેવું ઘટાડવા તરફ એક નકકર પગલું લેવામાં આવ્યું છે. બ્રિટીશ પીએમ દ્વારા આ પગલું પ્રથમ પગલું છે તેમ પણ ઉમેરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આઈએમએફ અને યુરોપના યુનિયન દ્વારા ૧૦૦૦ બિલીયન જેટલા યુરોપિયનના રાહત પેકેજના લાભાર્થી દેશોને પણ ફરજીયાત રીતે તેમની ખાધ ઘટાડવાના ઉપાયો કરવા અને સરકારી ખર્ચ પર કાપ મુકવા ની કડક શરતો રાખવામાં આવી છે. મારા મતે આ ત્યાંના બજારો માટે અત્યંત નોંધપાત્ર પગલું ગણાશે. કારણ કે સરકારોએ આ સમસ્યા ઉભી કરી છે તો સરકારો એ તેનો ઉકેલ લાવવો પડશે. અને સમસ્યાનું વિચ્છેદન એ જ સમસ્યાનો નીવેડો છે. અત્યારે વૈશ્વિક બજારોમાં વિવિધ દેશો-ખાસ કરીને યુરોપના સોવેરન દેવાની વિકરાળ પરિસ્થિતિએ ભયનું વાતાવરણ ઊભું કર્યું છે.

બીજી બાજુ પ્રાદેશિક મોર્ચે રીટેઈલ અને ડીફેન્સક્ષેત્રે એફડીઆઈ એટલે કે વિદેશી સીધા રોકાણની મર્યાદામાં વધારો કરવાનું, સેઝ ના રીનોટીફીકેશનનો મુદ્દો, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના ઈન્ડિયન ડીપોઝીટરીનું ભરણું, આગામી આવી રહેલા સરકારી ભરણાઓ, વૈશ્વિક કોમોડીટીના ભાવોમાં ઘટાડા અને નરમાઈના વલણને કારણે અંકુશમાં આવી રહેલો ફુગાવાનો દર વિગેરે હકારાત્મક પાસાઓ બની રહેશે.

ગોલ્ડના પ્રાદેશિક ભાવો વધી રહ્યા છે તેનું એક મોટું પરિબળ ડોલર-રૂપિયાના વિનિમયના ફેરફારો પણ છે. રોકાણ અર્થેસોનુ એ યોગ્ય વિકલ્પ નથી.

આવતા સપ્તાહ આપને રિલાયન્સ ગ્રુપ, અદાણીગ્રુપ, સુગર કોમ્પેનિયન, કેઈન ઈન્ડિયા, પસંદગીની ઈન્ફ્રા-કન્સ્ટ્રક્શન કંપનીઓની વાત કરીશું.

**તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે**

**MIDCAP - MULTI BAGGER ટીપ્સ**

**માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on**

**www.theeagleinvestor.co.in**

# ૨૦૧૦માં સ્પીનીંગ ક્ષેત્રના શેરો ડાર્ક હોર્સ સાબિત થશે

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેર બજારનો સુચકઆંક ૧૬૮૦૦ બંધ રહ્યો છે. છેલ્લા ૧૫ દિવસમાં જબરદસ્ત ચઢાવ ઉતાર જોવા મળ્યો. ટ્રેડીંગ કરવાવાળા કદી સરવાળે ના કમાઈશકે એવો માહોલ છે. અમારા આંતરિક સુત્રોના જણાવ્યા પ્રમાણે ૧૦મી જૂન પછી રોકડાના સારા શેરોમાં સળવળાટ શરુ થશે અને દિવાળી સુધી સુંદર વળતર મળશે. એનો અર્થ એ કે પાંચ થી છ મહિનાની ગણતરીથી રોકડાના સારા શેરો આ ઘટાડામાં ખરીદવા ખૂબ મબલખ વળતર મળશે.

અમારા અભ્યાસ પ્રમાણે ટેક્ષટાઈલ ક્ષેત્રના સ્પીનીંગ ક્ષેત્રના શેરોના તાજેતરમાં જાહેર થયેલ પરિણામો જોતાં આ ક્ષેત્રના શેરો સુંદર વળતર આપી શકે. આ ક્ષેત્રના વર્ધમાન ટેક્ષટાઈલ, અમર જયોતિ સ્પીનીંગ, અંબિકા કોટન તથા રાજસ્થાન સ્પીનીંગ એન્ડ વીવીંગ ધ્યાનમાં રાખી શકાય.

વરસાદ સારો આવશે એની આગાહીઓ થાય છે પણ ખરેખર વર્ષાઋતુનું આગમન થાય પછી કમીટમેન્ટ વધારી શકાય. જો અને તોની આગાહીઓથી દૂર રહેવુ. શેર બજારની મજબૂત તેજીનો આધાર વરસાદ જ છે. ખેતીની આવક જ

**ગોલ્ડ માઈન**

**મોના વકીલ**

દેશની ઈકોનોમીને મજબૂત બનાવી શકે છે.

રાજકીય સ્થિરતા અત્યારે મજબૂત દેખાઈ રહી છે. જે આકર્ષક સુધારાને મજબૂત બનાવશે.

આગામી અઠવાડીયામાં નીચે પ્રમાણે વિચારી શકાય.

**૧. કુલકર્ણી પાવર**

**બીએસઈ કોડ. ૫૦૫૨૯૯** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૮૩ માં મળતો આ શેર નીચેના કારણોસર લેવાય.

(૧) આ કંપની ૧૯૭૬થી કાર્યરત છે.

(૨) ૧ કરોડ ૭૦ લાખની સાવ નાની શેરમૂડી સામે ૧૪ કરોડનું રિઝર્વ છે.

(૩) ૩૧-૩-૨૦૧૦ના વર્ષમાં નફામાં ૧૫૭ ટકાનો જંગી ઉછાળો નોંધાવી કંપનીએ ડીવીડન્ડ ૨૦ ટકાથી વધારી સીધું ૪૦ ટકા કર્યું છે.

(૪) ફક્ત ૬ના પીઈથી મળે છે.

(૫) સાવ નાની કેપીટલ તથા ખૂબ ઓછો ફલોટીંગ સ્ટોક જોતા ગમે ત્યારે ઉછાળો આવી શકે છે.

(૬) જાણીતા ઓપરેટરની રડારમાં આ શેર છે.

**૨. સ્પાઈસ આઈલેન્ડ**

**બીએસઈ કોડ. ૫૨૬૮૨૭** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૨૮ માં મળતો ટેક્ષટાઈલ ક્ષેત્રનો રેડીમેઈડ એપરેલ ક્ષેત્રનો આ શેર તાજેતરના ૩૧-૩-૨૦૧૦ના વર્ષના રિઝલ્ટ જોતા ધ્યાનમાં રાખવા જેવો છે. કંપનીએ નફામાં ૩૭૦ ટકા નો જંગી ઉછાળો નોંધાવ્યો છે. અને ડીવીડન્ડ વધારી ૧૫ ટકા કર્યું છે. ફક્ત ૩ના પીઈ થી મળે છે.

**૩. પોન્ની સુગર**

**બીએસઈ કોડ. ૫૩૨૪૬૦** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૧૦૪ માં મળતો તામીલનાડુ સ્થિત સુગર ક્ષેત્રનો આ શેર તેના તાજેતરના પરિણામો જોતા નાના પાયે રોકાણ કરી શકાય. કંપનીએ સુગર ઈન્ડસ્ટ્રીઝની આવી ડામાડો પોઝીશનમાં પણ ૪૨રૂા.ની ઈપીએસ બતાવી ૪૦ ટકા ડિવીડન્ડ જાહેર કર્યું છે. આ ભાવે લેવાય.

**૪. જલ્પાક ઈન્ડિયા**

**બીએસઈ કોડ. ૫૨૩૨૩૦** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૫ માં પેકેજીંગ ક્ષેત્રનો ૧૦ પેઈડ ૫ રૂા.માં મળતો આ શેર પૈસા પડી ગયા છે એમ ગણી ૨૦૦થી ૫૦૦ શેર અચુક લો. ગમે ત્યારે ત્રણ થી ચાર ગણા પૈસા આ સ્ટોકમાં મળી શકે. એવું ચાર્ટ ઉપરથી લાગી રહ્યું છે.

# ૩૧ મી મે થી ૪થી જુન સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૦૬૭)**
**સેન્સેક્ષ (૧૬૮૬૩)**

**બજારનો રિવ્યૂ**



**પ્રકાશ ગાબા**
**મો. ૯૩૨૨૨૧૦૯૦૭**
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

**તા. ૨૮.૫.૧૦**

અમોએ જણાવેલ કે 'ટેકનીકલી બજાર હજુ પણ નબળું છે. પરંતુ એફ એન્ડ ઓ એક્ષપાયરીને કારણે બાઉન્સબેક જોવા મળી શકે અને એફ એન્ડ ઓ એક્ષપાયરી સુધી ૫૦૦૦ ની આસપાસ બંધ આપ પરંતુ હજુ પણ ૪૮૩૦નો મજબૂત ટેકો ધરાવી રહેલ છે. 'આ સપ્તાહમાં બજાર અપેક્ષા મુજબ જ ચાલ્યું, અપેક્ષા મુજબ જ વૃધ્ધિ જોવા મળી અને નિફટીએ ૫૦૦૦ની સપાટી ઉપર બંધ આપ્યો. ટેકનીકલી બજારમાં નિમ્નગતિ હાલમાં કેદમાં પુરાઈ ગઈ સછે અને બજાર કેટલીક વધ-ઘટ સાથે પણ ૫૧૫૦ થી ૫૨૦૦ના ઝોન તરફ આગળ વધી રહેલ છે અને ટેકનીકલી જયાં સુધી તે ૫૦૦૦ ઉપરની સપાટીએ ટકી રહે ત્યાં સુધી ક્ષેમકૂશળ છે. ૫૦૦૦ની સપાટી એ મહત્વની ટેકાની સપાટી છે જે જળવાવી જોઈએ.

નિફટી માટેનો ટેકો ૫૦૩૦-૫૦૦૦ અને મજબુત પ્રતિકારક સપાટી ૫૧૫૦-૫૨૦૦ છે.

સેન્સેક્ષ માટેનો ટેકો ૧૭૬૦૦ અને મજબૂત પ્રતિકારક સપાટી ૧૭૨૫૦ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ આ સંજોગોમાં ૫૦૦૦ની સપાટી ટકી રહે ત્યાં સુધી ખરીદી કરીને જાળવી રાખવી જોઈએ.

# મની ફ્લો ઈન્ડેક્ષ

**મની ફ્લો ઈન્ડેક્ષ (એમ એફ આઈ)**

**પરિચય**

મની ફ્લો ઈન્ડેક્ષ (એમ એફ આઈ)

**ટ્રેડર્સ માટે ટેકનીકલ એનાલીસીસ**



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**

તે ગતિસૂચક ઈન્ડીકેટર છે જે આર એસ આઈ એટલે કે રિલેટીવ સ્ટ્રેન્થ ઈન્ડેક્ષ જેવું જ હોય છે. પરંતુ એમ એફ આઈ એ ખૂબ જ ચૂસ્ત ઈન્ડીકેટર છે અને તેથી સિકયુરીટીમાં આવતા તેમ જ જતા નાણાકીય પ્રવાહને ખૂબ જ સારી રીતે દર્શાવે છે. તે હકારાત્મક નાણાકીય પ્રવાહને નકારાત્મક નાણાકીય પ્રવાહ સાથે મેળવે છે અને જે સંકેત આપે છે તે પ્રવર્તમાન ભાવોને દર્શાવે છે જેથી બજારની મજબૂતાઈ કે નબળાઈ જાણીને બજારની રૂખ જાણી શકાય છે. આર એસ આઈની માફક જ એમ એફ આઈ પણ ૦ થી ૧૦૦ સુધીના આંકમાં માપણી કરે છે અને ૧૪ દિવસના સમય ગાળાનો ઉપયોગ કરે છે.

**ઉપયોગ**

એમ એફ આઈનું અર્થઘટન મોટે ભાગેઆર એસ આઈ જેવું જ થાય છે કારણ કે તે ડાયવર્જન્સ અને ઓવરબોટ/ઓવરસોલ્ડ પરિસ્થિતિના સંકેત આપે છે.

**ડાયવર્જન્સ**

શેર અને એમ એફ આઈ વચ્ચે હકારાત્મક અને નકારાત્મક ડાયવર્જન્સનો ઉપયોગ અનુક્રમે ખરીદી અને વેચાણના સંકેત તરીકે કરવામાં આવે છે.

**ઓવરબોટ/ઓવરસોલ્ડ**

જો કોઈ પણ શેરમાં એમ એફ આઈ ઈન્ડીકેટર ૮૦ અથવા તો તેથી ઉપરનો આંક દર્શાવે તો તે ઓવરબોટના સંકેત આપે છ જે મંદીમયતા દર્શાવે છે. બીજી બાજુ જો કોઈ પણ શેરમાં એમ એફ આઈ ૨૦ અથવા તો તેથી પણ નીચેનો આંક દર્શાવતી હોય તો આ શેર ઓવરસોલ્ડ પોઝીશનમાં છે અને તેથી તેજીમયતા તરફી છે તેવા સંકેત આપે છે.

# શેર બજારમાં તેજીની સંભાવના

ભારતીય શેર બજાર માટે વર્ષ ૨૦૧૦ નું જૂન મહિનાનું પ્રથમ સપ્તાહ જેની શરુઆત ૩૧ મે થી થશે અને ૪ જૂન સુધી ચાલશે. જેમાં અવકાશીય ગ્રહ સ્થિતિ અનુસાર

**દિવ્ય દ્રષ્ટિ**



**કરૂણા જૈન**
**મો. 09929118700**
www.futurbazaronline.com

ભારતીય શેર બજારમાં તેજીની સંભાવના બની શકે છે.

આ સપ્તાહ દરમ્યાન અવકાશીય ગ્રહ સ્થિતિનું અધ્યયન કરીએ તો આ સપ્તાહ ની શરુઆતમાં અતિમહત્ત્વપૂર્ણ ગ્રહ મંગળ પોતાની રાશી પરિવર્તન કરી પોતાની મિત્ર રાશી સિંહ રરાશીમાં પ્રવેશ કરી લીધો છે. આ રાશી પરિવર્તન ભારતીય શેર બજારમાં પણ પરિવર્તન લાવશે અને તેજીની રુખની સંભાવન બની શકે છે. આ સપ્તાહ દરમ્યાન સૂર્ય ગ્રહ વૃષભ રાશીમાં, મંગળ સિંહમાં, શુક્ર અને કેતુ મિથુન રાશીમાં, રાહુ અને કેતુ

**અનુસંધાન પા.નં.૨ ઉપર**

**બજારના સમયે લાઈવ મેસેજ આપના મોબાઈલ પર**

**ફક્ત માસિક રૂ. ૧૦૦૦**

**એસએમએસ દ્વારા બજારની સલાહ મેળવો એક સાથે**
**ત્રિમાસિક ફી ભરનારને ૧૦ ટકા ડીસ્કાઉન્ટ વધુ**
વિગત માટે : **નરેન્દ્ર જોષી, મો.૯૮૨૫૦૬૫૩૮૭**

**શેર બજારની એસ્ટ્રોલોજીકલ પ્રીડીક્શન માટે જૂઓ**

**http//:www.astrostocktips.in**

**મો. નં. ૯૮૧૦૦૧૮૪૩૮- ૯૮૧૦૦૫૬૫૪૩**



# ખટ્ટા-મીઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૯૫૩૭૨૦૧૯૭૭

**નમસ્કાર મિત્રો,**

નીચે મે થોડી ઓપ્શન સ્ટ્રેટેજી આપેલી છે તે વોલેટાઈલી અને નેચરલ માર્કેટ મુવમેન્ટ માટેની છે. અને તેમાં જોખમ રહેલું છે અને ટ્રેડરો કોઈપણ એક સ્ટ્રેટેજીમાં કામ કરવું બધામાં ટ્રેડીંગ કરવું હીતાવહ નથી.

(૧) **પહેલી સ્ટ્રેટેજી :-** નેચરલ માર્કેટ મુવમેન્ટ માટે નિફ્ટીનો ૫૦૦૦નો એક કોલ ૧૪૬માં ખરીદો.નિફ્ટીનો ૫૨૦૦ નો એક કોલ ૫૧માં ખરીદો. નિફ્ટીનો ૫૧૦૦ના બે કોલ ૯૧માં વેચો. બ્રેક ઈવન ૫૧૮૫ ઉફર અને ૫૦૧૫ની નીચે.

(૨) **બીજી સ્ટ્રેટેજી :-** વોલેટાઈલ માર્કેટ મુવમેન્ટ માટે નિફ્ટીનો ૫૧૦૦નો એક કોલ ૯૧માં ખરીદો. નિફ્ટીનો ૪૯૦૦નો એક પુટ ૮૩માં ખરીદો. બ્રેક ઈવન ૫૨૭૪ ઉપર અને ૪૭૨૬ ની નીચે.

(૩) **ત્રીજી સ્ટ્રેટેજી :-** વોલેટાઈલ માર્કેટ મુવમેન્ટ માટે નિફ્ટીનો ૫૦૦૦નો એક કોલ ૧૧૩માં ખરીદો. બ્રેક ઈવન ૫૨૬૦ અને ૪૭૪૦ની નીચે.

# નિફ્ટી માટે હવે ૪૭૮૬ નો સપોર્ટ ધ્યાનમાં રાખવો

**શરદ કોટક**

# અમેરિકા અને યુરોપના બજાર એ-બી-સી ફ્લેટ કરેક્શનમાં - ઉછાળો સીમિત રહેશે

મિત્રો,

છેલ્લા વિકલી રિપોર્ટમાં મે ટાઈમ સીરીઝ એનાલીસીસ આપેલું અને કહેલું કે માર્કેટમાં ૨૬ મે ના રોજ તેજીવાળાઓ બાજી પોતાના હાથમાં લઈ શકે છે અને બન્યું પણ તેવું જ. જેમ કે સેન્સેક્સ લગભગ ૧૦૦૦ પોઈન્ટ અને નિફ્ટી ૩૦૦ પોઈન્ટ વધી ગયા. જો તમે આંખે પાટા બાંધીને શેર બજારમાં કામ કરશો તો કદી નહીં કમાઈ શકો.

જાની બ્રધર્સ રિપોર્ટ



નિશેષ એમ. જાની
મો. ૯૫૩૭૨૦૧૯૭૭

હવે શું માર્કેટમાં ? ચાલો જાણીએ શોર્ટ ટર્મ વેવ સ્ટ્રક્ચર અને ટાઈમ સિરીઝ પ્રમાણે હવેની ટ્રેન્ડ રીવર્સલ તારીખો.

**ટૂંકાગાળાના વેવ સ્ટ્રક્ચર**

**(૧) સેન્સેક્સ**

મારા માનવા મુજબ ૧૮૦૪૮ થી ૧૫૯૬૦ સુધીનો ઘટાડો એ પહેલો વેવ હતો. અને ત્યાર બાદનો વધારો એ એક કરેક્ટવીવ વેવ છે. અને તે ૧૭૨૫૦ થી ૧૭૪૫૦ સુધી વધી શકે છે. પરંતુ ત્યારબાદ કરેક્શન આવશે.

**(૨) નિફ્ટી**

મારા માનવા મુજબ ૫૩૯૮ થી ૪૭૮૬ સુધીનો ઘટાડો એ પહેલો વેવ હતો. અને ત્યારબાદનો વધારો એ એક કરેકટીવ વેવ છે. અને તે ૫૨૦૦ થી ૬૨૬૦ સુધી વધી શકે છે. પરંતુ ત્યારબાદ કરેક્શન આવશે.

**ટાઈમ સિરીઝ એનાલિસીસ**

ટાઈમ સિરીઝ પ્રમાણે હવે પછીની માર્કેટ ટર્નિંગ તારીખ ૧ જૂન, ૪ જૂન જે માર્કેટ આ તારીખ પહેલાં અથવા તે તારીખે બજાર મંદીવાળાનાં હાથમાં ન આવે તો ૧૩ જૂન સુધી તેજી જોવાઈ શકે છે.

**યુએસએ અને યુરોપના બજાર એ-બી-સી ફ્લેટ કરેક્શનમાં - ઉછાળો સીમિત રહેશે**

**(૧) ડાઉજોન્સ**

અઠવાડીક ચાર્ટ પર ત્રણ વેવ ઉપર અને બે વેવ નીચેના એમ પાંચ વેવનું સ્ટ્રક્ચર પુરુ થયું છે. અને હવે એ-બી-સી ફ્લેટ કરેક્શન શરુ થયું છે અને ઈન્ડેક્ષે છેલ્લી લોવર બોટમ ૯૮૩૫ તોડી દીધી છે અને કરેકટીવ રેલી આવી શકે પરંતુ તે ૧૧૨૫૮ ની નીચે પૂરી થઈ જશે અને ફરી કરેકશન આવશે.

**(૨) ફૂટસી - યુરોપ**

**જૂન મહિનામાં નિફ્ટી ઓપ્શનમાં નેચરલ અને વોલેટાઈલ મુવમેન્ટ માટે સ્ટ્રેટેજી ટ્રેડીંગ કરાય**

અઠવાડીક ચાર્ટ પર ત્રણવેવ ઉપર અને બે વેવ નીચેના એમ પાંચ વેવનું સ્ટ્રક્ચર પુરુ થયું છે અને હવે એ-બી-સી ફ્લેટ કરેક્શન શરુ થયું છે અને ઈન્ડેક્ષે છેલ્લી લોઅર બોટમ ૫૦૩૩ તોડી દીધી છે અને કરેકટીવ રેલી આવી શકે પરંતુ તે ૫૮૩૪ ની નીચે પુરી થઈ જશે અને ફરી કરેક્શન આવશે.

# જૂન મહિનામાં બજાર એક રેન્જ બનાવશે જે ૪૮૦૦ થી ૫૧૦૦ ની હોઈ શકે આ રેન્જમાં જ રમ્યા કરશે

વાંચક મિત્રો,

નિફ્ટી નમસ્કાર,

શું મિત્રો કેવું રહ્યું સપ્તાહ ? વલણના અંતમાં બંને બાજુની મજા આવશે અમે કંઈકઆવું જ કહ્યું હતું ને. સોમવારે બધા જ ખેંચાઈ ગયા કોની પાછળ એ માટે તમને કહેવાની જરુરનથી અરે પણ આ શું. મંગળવારે શું થયું. અરેભાઈ ડાઉ ફ્યુચર્સ ૨૫૦ પોઈન્ટ ડાઉન છે હવે તો નિફ્ટી કાલે ૪૬૦૦ દેખાય છે. પરંતુ આ શું ત્રણ દિવસમાં તોબજાર પાછું ઉપર આવી ગયું. અરે નિફ્ટી તો ૫૧૦૦ આવી ગઈ સાહેબ. આને જ બજાર કહેવાય અને આની જ મજા છે. બાકી સીધી લીટીમાં ચાલતું હોય તો તમે અત્યારે આ છાપું વાંચતા ન હોત. અમારા એક હિન્દીભાષી મિત્ર છે. કાયમ પૂછે હિમાંશુભાઈ કયા બેઠ રહા હે માર્કેટ ત્યારે મારે કહેવું પડે તમારા ને મારા કહેવાની બજાર નથી ચાલતું કે બેસતું. બજાર એનું કામ કરે અનેઆપણે તો બસ એલર્ટ રહેવું પડે તો કહે આમાંશું એલર્ટ રહે એક દિવસ ૧૦૦ પોઈન્ટ ઉપર અને બીજા દિવસે ૧૦૦ પોઈન્ટ નીચે ખૂલે છે. તો મિત્રો આપણે ક્યાં રોજ ટ્રેડીંગ કરવાની જરુર છે એવા પણ દિવસો જ્યારે તમારેસાઈડ લાઈન થવું પડે.

DHAN WIN- "WINNER'S CHOICE"



હિમાંશુ જાની
મો. ૯૩૭૬૯૨૫૯૩૨
email: dhanwinvestnents@gmail.com
WWW.DHANWIN.COM

અરે સાહેબ ૫૦૦ વાળો સેસાગોવા ૩૮૦માં લીધો એ પણ ૩૦૦ થઈ ગયો હવે તો ૨૦૦ લાગે છે. અરે આ શું બે દિવસમાં પાછો ૪૦૦ થઈ ગયો. બસ મિત્રો બધે આ જ હાલત છે. પણ એ સેસાગોવા હોય કે પછી અબાન, એજ્યુકોમ કે એચડીઆઈએલ તમને તમારું રિસ્ક ખબર હોવું જોઈએ. ટ્રેડ કરતાં પહેલાં એ વિચારો જો હુંઆ શેરમાં આટલા રૂપિયા રોકું છુંતો મને રાત્રે ઊંઘ આવશે. અને જો જવાબ હા આવે તો અને માત્ર તો જ ટ્રેડીંગ કરજો બાકી કોઈ જરુર નથી. આ નથી વાત કરવાનો.

હવે વાત કરીએ નિફ્ટીની તો ૫૦૬૫ બંધ આવી છે. જૂન મહિનામાં નિફ્ટી એક મોટી રેન્જમાં રહે તેવુંલાગી રહ્યુંછેજે ૪૮૦૦-૫૧૦૦ની હોઈ શકે છે જે બજાર માટે ઘણું સારું છેજેબજાર એક કોન્સોલીડેશનની રેન્જ નહીં બનાવે તો તમારા ને મારા બધા માટે મુશ્કેલીરૂપ બનશે. નહીં તો ભારે અફડાતફડી રહેશે. જોઈએ એ તો હવે આગામી સપ્તાહમાં ખબર પડી જશે બાકી જો ટ્રેડીંગ કરવું હોય તો આ રહ્યા લેવલ ૯૫ ટકા એક્યુરેસી છે. જો તમે ધ્યાનથી ફોલો કરતા હોય તો.

**મિત્રો આપણે વાત થઈ હતી મંદી માટે જવાબદાર મેટલ સેક્ટર જ બાઉન્સબેક લાવશે : હિન્દાલ્કો, સ્ટરલાઈટ, સેસાગોવામાં મજા આવીને !!**

**જો સેક્ટર સ્પેસીફીકની વાત કરીએ તો બેંક, કન્ઝયુમર ડયુરેબલ્સ અને ફાર્મા સેક્ટરમાં તેજી જ છે તો ઘટાડે ધ્યાન ત્યાં કેન્દ્રીત કરો**

## TRADING LEVEL - 29 -May-2010

| Sr_ No | Scrip Name | Close Price | Trade Type | Price Range | Tgt 1 | Tgt 2 | Tgt 3 | Stop Loss |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | NIFTY | 5066 | SELL BELOW | 5045 | 5020 | 4995 | 4975 | 5085 |
| 2 | NIFTY | 5066 | BUY | 4920-4950 | 4975 | 5020 | 5060 | 4880 |
| 3 | Bank Nifty | 9312 | SELL BELOW | 9250 | 9200 | 9160 | 9100 | 9410 |
| 4 | Bank Nifty | 9312 | BUY | 8990-9020 | 9100 | 9150 | 9230 | 8980 |
| 5 | ACC | 826 | BUY | 818-824 | 830 | 838 | 840 | 808 |
| 6 | APPOLLO TYERS | 70.5 | BUY | 65-68 | 70 | 72 | 75 | 62 |
| 7 | BANK OF INDIA | 325 | BUY | 318-321 | 325 | 328 | 334 | 312 |
| 8 | BEL | 1708 | BUY | 1680-1700 | 1720 | 1734 | 1758 | 1668 |
| 9 | BHEL | 2318 | BUY | 2280-2300 | 2320 | 2345 | 2360 | 2265 |
| 10 | CHEENAI PETRO | 245 | BUY | 242-245 | 248 | 251 | 255 | 238 |
| 11 | CIPLA | 320 | BUY | 316-319 | 322 | 325 | 328 | 312 |
| 12 | CUMMINS INDIA | 562 | BUY | 555-558 | 563 | 565 | 570 | 548 |
| 13 | G E SHIPPING | 296 | BUY | 290-293 | 297 | 300 | 303 | 287 |
| 14 | HCL TECH | 377 | BUY | 370-373 | 376 | 380 | 384 | 366 |
| 15 | ICICI BANK | 864 | BUY | 822-830 | 838 | 844 | 852 | 815 |
| 16 | IDBI BANK | 111.5 | BUY | 108-110 | 105 | 115 | 118 | 120 |
| 17 | IFCI | 52.45 | BUY | 51.50-52 | 52.8 | 53.5 | 54 | 50.6 |
| 18 | INFOSYS | 2677 | BUY | 2610-2625 | 2655 | 2685 | 2700 | 2550 |
| 19 | ONGC | 1132 | BUY | 1100-1110 | 1122 | 1133 | 1145 | 1095 |
| 20 | OFSS | 2086 | BUY | 2040-2060 | 2080 | 2100 | 2122 | 2075 |
| 21 | PATNI | 554 | BUY | 548-552 | 560 | 565 | 574 | 542 |
| 22 | RANBAXY | 427 | BUY | 418-422 | 428 | 433 | 440 | 412 |

# બજારો ચોમાસાની પ્રગતિ પરથી રુખ લેશે

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૬૮૬૩.૧૦) અને નિફ્ટી (૫૦૬૬.૫૫) બંન્ને ૨.૨૫ ટકા અને ૨.૦૭ ટકા વધી ને બંધ આવ્યા હતા. નિફ્ટી ફ્યુચર જૂન ૨૯.૯૦ પોઈન્ટના પ્રિમિયમ માં હતો. નિફ્ટી જૂન ૫૧૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૬૫૭૦ **તથા રેજીસ્ટન્સ** ૧૭૧૮૦ જ્યારે **નિફ્ટીમાં સપોર્ટ** ૪૯૮૦ અને **રેજીસ્ટન્સ** ૫૧૭૦ નો છે.

બુલેટ



નરેન્દ્ર નયનાની
મો. ૯૮૯૮૧૬૨૭૭૦
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

એમ એન્ડ એમ, આવતા સપ્તાહમાં ક્વાર્ટર ૪ના પરિણામો જાહેર કરશે. સરકાર ક્વાર્ટર ૪ના જીડીપી ડેટા જાહેર કરશે એટલે સાવચેતી પૂર્વક વેપાર કરવો.

ટાટા મોટર્સ અને ટાટા સ્ટીલના ઓપન ઈન્ટરેસ્ટમાં જૂન સિરીઝમાં રસ જોવાયો હતો. આઈએફસીઆઈ ના જૂન ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૫૫ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. ટાટા સ્ટીલ માં કોલ ઓપ્શનમાં મે માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૫૨૦ પણ સારી પોઝીશન જોવા મળેલ છે.

**ફ્યુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. સિપ્લા (૩૨૦.૩૫)** લોટ સાઈઝ ૧૨૫૦ શેર

● જૂન માસના સ્ટ્રાઈક ભાવ ૩૨૦ થી ૧૧.૦૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.

● જૂન માસના ૩૪૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૩.૩૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૧૧ ★ ૧૨૫૦= ૧૩૭૫૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૩.૩૦ ★૧૨૫૦ = ૪૧૨૫.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૧૩૭૫૦.૦૦ - ૪૧૨૫.૦૦ = ૯૬૨૫.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** := ૩૪૦ - ૩૨૦ = ૨૦ ★ ૧૨૫૦ = ૨૫૦૦૦ - ૯૬૨૫.૦૦ = ૧૫૩૭૫.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** := ૯૬૨૫.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૩૨૭.૭૦

**૨. આઈએફસીઆઈ (૫૨.૫૦)** : જૂન માસ ફયુચર લોટ સાઈઝ ૭૮૮૦ શેર

● રૂ. ૫૨.૫૦ ના ભાવથી જૂન માસ ફયુચરનો એક લોટ ખરીદો.

● **વેચો એક કોલ ઓપ્શન** : જૂન માસ સ્ટ્રાઈક ભાવ ૫૨.૫૦ થી રૂ. ૨.૪૫ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** := ૨.૪૫ ★૭૮૮૦ = ૧૯૩૦૬.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** := ૧૯૩૦૬

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. બાયોકોન** (૨૯૦.૭૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. સેઈલ** (૨૦૫.૮૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# વૈશ્વિક બજારો ભારતીય બજારોને ઘસેડશે સુગર અને રિયલ્ટી મજબૂતાઈ દર્શાવશે

આ સપ્તાહે નિફ્ટીએ ૪૭૮૬ની નીચી સપાટી દર્શાવ્યા પછી રીબાઉન્ડ થઈ અને ૫૦૭૫ ની સપાટી કે મહત્વની સપાટી એટલે કે નિફ્ટીના ૫૩૦૦ થી ૪૭૮૬ સુધીની નિમ્નગતિમાં ૫૦ ટકા રિટ્રેસમેન્ટ સપાટી છે તેમ જ ૨૦૦ ડીએમએ (સીમ્પલ) પણ ૫૦૯૫ છે તે રીતે મહત્વની નજર રાખવા યોગ્ય સપાટી છે,આ રીતે નિફ્ટીએ +૧૩૫ પોઈન્ટ હકારાત્મક બંધ આપ્યો. આ રિકવરી હકારાત્મક વૈશ્વિક બજારો અને શોર્ટ કવરીંગના કારણે જોવા મળી. જો કે બજારમાં વૈશ્વિક કટોકટી, ફીચે સ્પેનનું કરેલ ડાઉન ગ્રેડીંગ વગેરેને કારણે દબાણ અનુભવી રહેલ છે.ભારતમાં હવે ચોમાસું મોડું આવશે તેમ કે ટ્રોપીકલ સયકલોન પછી કહેવામાં આવી રહેલ છે. જેના કારણે સુગર સ્ટોકમાં વૃધ્ધિ દશાવશે જયારે ઓટો અને એફ એમ સી જી માટે નકારાત્મક રહેશે.

પ્રભાકર વ્યુ



પ્રભાકર
info@akprabhakar.com
akprabhakar.equity@gmail.com
www.akprabhakar.com

**નિફ્ટી**

**ટેકો** : ૫૦૩૫-૪૯૬૦-૪૮૫૦

**પ્રતિકારક સપાટી** : ૫૦૯૭-૫૧૫૫-૫૨૨૦

**હકારાત્મક શેર** : એન એચ પી સી, ટાટા કોમ્યુનીકેશન, અઈલ ઈન્ડિયા

**નકારાત્મક શેર** : એસીસી, જીંદાલ સ્ટી, કેનેરા બેંક

**આ સપ્તાહનો શેર**

**એમ એસ કે પ્રોજેકટ , હાલનો ભાવ રૂ. ૧૮૦ લક્ષાંક ૧૯૫-૨૦૦**

**ટેકનીકલ વ્યૂ :**

હાલના સમયે આ શેરે સારો દેખાવ કરવાનું શરુ કરેલ છે અને હાલમાં પણ મધ્યથી લાંબા ગાળાની મુવીંગ એવરેજ પર ચાલી રહેલ છે અને તેની ઓલ ટાઈમ હાઈ સપાટી રૂ. ૨૦૦ નજીક ચાલી રહેલ છે જે સપાટી આ શેરમાં મજબુતાઈ દશાવી રહી છે.

# ૧૦ માસ જુનો ઉર્ધ્વગતિ ચેનલ સપોર્ટ ૪૮૬૦

**નિફ્ટી સાપ્તાહિક બંધ : ૫૦૬૭ (ગત સપ્તાહે ૪૯૩૧)**

બજાર હકારાત્મક સમાચારોને કારણે અમારો સાપ્તાહિક ટ્રેડીંગ પોઈન્ટ ૪૯૬૦ વટાવવામાં નિષ્ફળ નિવડ્યું. મંગળવારે જોરદાર વેચવાલીને કારણે ચેનલ સપોર્ટ ૪૮૫૦ તૂટી ગયો અને ૪૮૦૦ ની નવી નીચી સપાટી બની. બુધવારે પુલબેકને કારણે રોજીંદો સ્ટોપલોસ પસાર થઈ ગયો. ડેરીવેટિવ્સ એક્ષપાયરી અને વિકએન્ડના કારણે પુલબેક રેલી જોવા મળી. સપ્તાહ ૧૪૦ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આવ્યું. સાપ્તાહિક સ્ટોપલોસ ૫૦૮૦ પણ અગાઉના ઘટાડાની સપાટીના ૫૦ ટકા છે. બજાર ૧૦ માસ લાંબી ૭૦૦ પોઈન્ટની ચેનલ કે જે ૪૪૦૦ થી શરુ થયેલ છે તેમાં બંધ આવેલ છે. સાપ્તાહિક બંધ ચેનલનો નીચેના ટેકાની લાઈન ૪૮૬૦ પર છે જે ટ્રેન્ડ રિવર્સલ સૂચવે છે. હવે પછીનો ટેકો ૪૫૦૦ છે જે અમારો વાર્ષિક ઉર્ધ્વગતિનો સ્ટોપલોસ છે.

નિફ્ટી સૂત્ર



દિનેશ એ. ઠાકુર
મો. ૯૮૨૨૦૫૦૯૪૯
dinuthakur@gmail.com
blog site –
http://profiles.yahoo.com/dinu_pawar

**આગામી સપ્તાહ** : આ સપ્તાહે માર્કેટ ટ્રેડીંગ રેન્જ (રોજીંદા બંધના ધોરણે) ૪૭૪૦ - ૫૩૪૦ વચ્ચે રહેશે.એટલે કે ટ્રેન્ડ પોઈન્ટ ૫૦૪૦ અને સાપ્તાહિક રેન્જ +/- ૩૦૦ રહેશે.

નિફ્ટી માટે ૨૦ અને ૫૦ દિવસના ઈ એમ એ સપોર્ટ/પ્રતિકારક સપાટી ૫૦૪૦, ૫૧૦૦ છે. ટ્રેડર્સ કે જેઓ અગાઉ ઘટાડા સમયે ટ્રીગર સપાટીએ નિકળી ગયા હતા તેઓ પાછળથી ફરી ટ્રીગર લેવલ અથવા તો નીચેની સપાટીએ દાખલ થઈ શકે ટ્રીગર એ રક્ષણાત્મક છે, વધારેમાં વધારે નફો કરો અને પોઝીશન જાળવી રાખો.

નિફ્ટી જુદા જુદા ચાર્ટ પર ૨૦ એસ એમ એ લાઈન મુજબ નિફ્ટીની શરુઆત અને રૂખ નીચે મુજબ છે. ૩૦ મીનીટ - ઉપર તરફ, ૫૨૫૦, ૯૦ મીનીટ - ફ્લેટ, ૫૩૦૦, દૈનિક - નીચે, ૫૩૦૦, સાપ્તાહિક - નીચે તરફ ૫૦૦૦,

## દિનુનું સપોર્ટ એન્ડ રેજીસ્ટન્સ, નિફ્ટી ટ્રેન્ડ અને સ્ટોપલોસ પત્રક

| Investor | Chart type | trade% Beta | Trend | From | Stop-loss | Gain |
|---|---|---|---|---|---|---|
| Derivative | Daily | 20 (+1.2) | UP | 4860 | 5020 | +110 |
| Swing trade | Weekly | 20 (1-1.2) | UP | 4990 | 5040 | + 80 |
| Short term | Bi-weekly | 20 (1) | UP | 5000 | 5030 | + 70 |
| Medium term | Monthly | 20 (1-0.8) | DOWN | 5160 | 5090 | +100 |
| Mutual Fund | Quarterly | 10 (-0.8) | UP | 4960 | 4970 | +110 |
| Long Term | Yearly | 10 (-0.8) | UP | 3670 | 4530/5090** | +1400 |

**નિફ્ટી માટે (રોજીંદો સ્ટોપલોસ + બંધ )/ ૨** ટ્રેડર્સને નિફ્ટી માટેની પછીના દિવસની રૂખ તેમ જ સ્ટોપલોસ દર્શાવશે.ટ્રીગર અથવા તો નીચેની સપાટીએ બજારને છોડો અથવા તો દાખલ થાઓ.

## દિવ્ય દ્રષ્ટિ, અનુસંધાન પા.નં.૧નું ચાલુ

ક્રમશઃ ધન અને મિથુન રાશીમાં વિચરણ કરી રહેલ છે.

આ બધા ગ્રહ સંયોગ ભારતીય શે રબજાર માટે મજબૂતીના સંકેત આપે છે.

આ સપ્તાહ દરમ્યાન રોકાણકારો રિયલ એસ્ટેટ,હોટલ ઈન્ડસ્ટ્રીઝ, માઈનિંગ કંપનીઓ , મેટલ સેક્ટર, બેંક, પીએસયુ, ટેક્ષટાઈલ વગેરે સેક્ટરમાં એ ગ્રેડની કંપનીઓમાં રોકાણ કરી લાભ મેળવી શકાય છે.

આ સપ્તાહ મેષ અને સિંહ રાશી વાળા માટે આર્થિક લાભ પ્રાપ્ત થઈ શકશે. જયારે મકર અને કુંભ રાશીવાળા માટે થોડી સાવધાની રાખવાની સલાહ છે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી આકાશીય ગ્રહ સ્થિતિને ધ્યાનમાં રાખીનો કરવામાં આવેલ છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

# સોનામાં ધીમો વધારો તેમજ બેઈઝ મેટલ માં મિશ્ર વલણ જોવા મળે

ગયા સપ્તાહમાં સોનામાં એમસીએક્ષ પર નવા રોકોર્ડ ભાવ નોધવામાં આવ્યા તેમજ ઉપરથી કરન્સી મુવમેન્ટને પગલે થોડો ઘટાડો જોવાયો.આગામી સપ્તાહમાં કોમેક્ષ ગોલ્ડમાં ધીમો વધારો જોવા મળે. જ્યાં સ્થાનિક બજારમાં કરન્સી મુવમેન્ટ પર નજર રાખવી પડે. ચાંદીમાં સોનાની પાછળ તેજી તરફી રુખ રહેશે. ગયા સપ્તાહમાં બેઝ મેટલમાં રેન્જ બાઉન્ડ જોવા મળ્યું ઘટાડા બાદ શોર્ટ કવરીંગ થી સુધારો થયો. આગામી સપ્તાહમાં થોડું ઘટાડે નીચેથી સપોર્ટ જોવા મળે અને બેઝ મેટલે હજી થોડું રીકવર કરે પણ મીડીયમ ટર્મ હજી પણ ઘટાડા તરફી રહેશે. ક્રુડમાં ઘટાડે ખરીદારી જોવા મળશે તેમજ ભાવ હાલ પુરતા એક રેન્જ પકડીને ફરતા રહેશે. બેઝ મેટલ અને એનર્જીમાં ફન્ડામેન્ટલ હજી થોડા વીક જણાય છે પણ ટેકનીકલી ઘટ્યા બાદ બાઉન્સ જણાય.

હોટ કોમોડીટીઝ



પ્રતિક સોની
મો. ૯૫૩૭૨૦૧૯૭૭

**ક્રૂડનો ક્યાસ :** આંતરરાષ્ટ્રીય ક્રુડમાં નીચે માં ૭૧.૮૦ ડોલરનો ભાવ ટેસ્ટ કરે ત્યાંથી ફરી થોડું બાઉન્સ બેક જોવા મળી શકે જે ૭૭.૧૦ ડોલરથી ૭૭ ડોલરની રેન્જમાં ભાવ ફરતા રહેશે. એમ સી એક્ષમાં હાલના ભાવથી ઘટીને નીચે ૩૩૯૦ સુધી જઈ શકે નીચે થી ફરી વધતા ઉપરમાં ૩૪૭૦થી ૩૫૩૦ સુધીના ભાવ દર્શાવે હાલ એક રેન્જમાં ૩૩૫૦થી ૩૫૫૦ની જોવા મળે.

**તાંબામાં ટેકનીકલ :** કોપરમાં એમસીએક્ષમાં સ્વીંગ ટ્રેડીંગ જોવા મળશે. નીચેમાં ૩૧૮ના ભાવ માટે વેચાય જ્યાં નીચેથી ખરીદારી તરફી વલણમાં ઉપરમાં ૨૨૬થી ૨૩૦નું લેવેલ ધ્યાનમાં લેવાય નીચેમાં ૩૧૭નો મહત્ત્વનો સપોર્ટ યાદ રાખવો. ટૂંકા ગાળામાં રેન્જમાં જોવા મળે તેમજ એકધારા ઘટાડાથી થોડું શોર્ટ કવરીંગ રૂપી વધારો ૩૩૦ દર્શાવે.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતરાષ્ટ્રીય સોનામાં ધીમો સુધારો જારી રહેશે. નીચેમાં ૧૧૮૮ ડોલરના સપોર્ટથી લોંગ પોઝીશન જાળવી શકાય. ઉપરમાં ૧૨૩૨-૧૨૪૬ ડોલર તરફી રુખ જોવા મળી શકે.એમ.સી.એક્ષ સોનામાં ઓક્ટોબર વાયદામાં નીચે ૧૮૩૫૦નો સપોર્ટ ધ્યાનમાં લેવાય ઉપરમાં ૧૮૬૨૦થી ૧૮૭૮૦નો ભાવ દર્શાવે ટૂંકાગાળામાં ઘટાડે ખરીદારી તરફી વલણ જોવા મળે. એકંદરે ભાવ હાલ પુરતા ૧૮૩૫૦થી ૧૮૮૫૦ની રેન્જમાં દેખાય છે.અંતરાષ્ટ્રીય ચાંદીમાં ૧૮ ડોલર પર સપોર્ટ છે. નીચેમાં ઘટાડે લેણ કરાય. ઉપરમાં ૧૮.૬૬ ડોલરથી ૧૯.૨૫ ડોલર સુધીનો વધારો શક્ય છે, એમ સી એક્ષ ચાંદીમાં ૨૮૫૦૦નો પોઝીશનલ સપોર્ટ છે. ચાંદી જ્યાં સુધી તેની ઉપર બંધ આપે ત્યાં સુધી તેજી તરફી રુખમાં રહેશે અને ઘટાડે ખરીદારી કરી વેપાર કરાય. ઉપરમાં ૨૯૪૫૦થી ૨૯૭૦૦ની સપાટી દેખાય. જ્યાં ૩૦૨૦૦નું રેસીસ્ટન્સ લેવલ છે. એકંદરે ચાંદી ૨૮૫૦૦થી ૩૦,૦૦૦ વચ્ચે અથડાય.

# જુન સીરીઝ શરૂ કરવા માટે વચનબધ્ધ....

**તા. ૨૯/૦૫/૨૦૧૦**

મજબૂત વૈશ્વિક બજારો તેમ જ એક્ષપાયરીને કારણે મે સીરીઝ હકારાત્મક રીતે બંધ આવી. બજારે છેલ્લા છ માસથી ચાલતી રાઈઝીંગ ચેનલની ડીમાન્ડ ટ્રેન્ડલાઈન પર નીચેની સપાટીએ ટેકો ધારણ કર્યો. સેન્સેક્ષ અને નિફ્ટી બંને થોડા દિવસ ૨૦૦ ડી એમ એ નીચે ટ્રેડ થયા પછી રિબાઉન્સ થયા અને સપ્તાહનો અંત બંને ઈન્ડેક્ષોએ પોતાના ૨૦૦ ડી એમ એ ઉપર આપ્યો (સેન્સેક્ષ ૧૬૭૬૫ અને નિફ્ટી ૫૦૦૧) જે હકારાત્મક સંકેત છે. બજાર હાલના ઘટાડામાં સુધારો દર્શાવી રહેલ છે અને પુલબેક મોડ દર્શાવી રહેલ છે. હવે તે આગળ ઉપરની તેના ૧૦૦ ડી એમ એની પ્રતિકારક શક્તિનો સામનો કરશે. જે સેન્સેક્ષમાં ૧૭૦૫૩ અને નિફ્ટીમાં ૫૧૦૪ છે. અને તે પછી ૫૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૭૩૧૬ અને નિફ્ટી ૫૧૮૮) છે. જો ૫૦ ડી એમ એ ઉપર બંધ આપે તો જ મધ્યમગાળાની રુખ ઉપર તરફ જઈ શકે.

**લાયન રો'ર**
**લાયન**
roar_lion@yahoo.com

**અબજોપતિ ભાઈઓના સંબંધો સુધર્યા**

અંબાણી બંધુઓનો તેમનો ધંધાકીય ઝઘડો ખતમ કરવાનો અને હરિફાઈ પણ ટાળવામાટે નિર્ણય ખૂબ જ તિક્ષ્ણ નજરે જે કોર્પોરેટ યુધ્ધ જોવાઈ રહેલ હતું તેમાં પરાકાષ્ઠા આવવાને બદલે ઉલટું બનેલ છે. તેમના નોન કોમ્પેટ એગ્રીમેન્ટ દર્શાવી રહેલ છે કે હવે આ બંને ગ્રુપો એક બીજાના ધંધામાં અને ધંધાકીય પ્રદેશમાં નવેસરથી પ્રવેષ કરશે અથવા તો આ કારણે બંનો અબજોપતિ ભાઈઓ વચ્ચે લાંબા સમય માટે કોઈ બીજી હકારાત્મક સમજૂતી પણ થાય.

આ જાહેરાતને સોમવારે બજારે હકારાત્મક લીધી અને ઉપર તરફની ગેપ સાથે જ સત્રની શરુઆત કરી. પરંતુ વૈશ્વિક બજારોની નિર્બળતાને કારણે આપણાં બજારો પણ દિવસના અંતે દૈનિક નીચી સપાટી નજીક બંધ આવ્યાં નિફ્ટીએ ટોપ કરતાં ૧૧૦ થી વધારે પોઈન્ટ ગુમાવ્યા.

**યુરોનો પ્રશ્ન, લાંબા ગાળાનો પ્રશ્ન**

હવે એવી અપેક્ષા છે કે યુરોપનો પ્રશ્ન અંકુશ હેઠળ રહેશે. ઘણા લોકો દ્વારા રાજકીય સંમતિ સિવાય પણ ગ્રીસ માટેનું રાહત પેકેજ ફોર્સફૂલ અને રિગ્રેસીવ પગલું સાબિત થશે. જો કે ગ્રીકના પ્રશ્નનો આ ચેપ સ્પેન, પોર્ટુગલ, આયર્લેન્ડ અને બીજા ઘણા દેશોમાં પ્રસરી શકે તેમ છે જેના કારણે વિશ્વભરમાં નાણાકીય બ્રેકડાઉન જોવા મળે અને મંદીનો માહોલ રચાય. યુ. એસ.એ પણ તેના ગંભીર પ્રશ્નો સુલજાવવા માટે કાર્ય કરવું પડશે, કારણ કે મોટા પાયા પર રાહતે હંગામી ધોરણે તેના જીડીપીમાં વધારો કરેલ છે. જો કે યુ એસને આ જંગલમાંથી બહાર નિકળવા માટે મજબૂતાઈ કેળવતાં વર્ષોનાં વર્ષો જશે. સૌથી મોટી શકયતા એ છે કે યુ. એસ અને ઈ. યુ એ લાંબા સમય માટે મંદીનો સામનો કરવાનો રહેશે અને તે પછી જ મજબૂતાઈ કેળવાશે જે આપણા દેશ જેવા દેશો અને બીજાઓ માટે વિકાસ કરવાની તેમ જ સારો દેખાવ કરવાની તક સાબિત થશે.

**રોલઓવર એનાલીસીસ**

નિફ્ટી ત્રણમાસની ૭૦ ટકાની સરખામણીમાં ૬૫ ટકા રોલઓવર થયેલ છે. આ લો રોલઓવર દર્શાવે છે કે જુન સીરીઝમાં શોર્ટ નીફ્ટી પોઝીશનમાં ઓછી સંખ્યામાં રોલઓવર કરવામાં આવેલ છે. બેંકીંગ અને ફાઈનાન્સિઅલ સેકટર તેમ જ આઈ ટી સેકટરમાં, મેટલ સેકટરની સરખામણીમાં ઓછું રોલઓવર જોવા મળેલ છે. મજબૂત શોર્ટ રોલઓવર સ્ટરલાઈટ ઈન્ડ, આઈડીબીઆઈ, ભારત ફોર્જ, રેણૂકા સુગર અને એચડીઆઈએલમાં જોવા મળેલ છે. જો બાઉન્સબેક ચાલુ જ રહે તો ઉપરના શેરોમાં શોર્ટ કવરીંગની અપેક્ષા રાખી શકાય.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૬૪૯૪ પોઈન્ટથી થઈ, આ પછી સેન્સેક્ષે ૧૬૮૯૧ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૫૯૬૦ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૬૮૬૩ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે ૪૧૮ પોઈન્ટની વૃધ્ધિ દર્શાવી.

આ જ રીતે નિફ્ટીએ પણ શરૂઆત ૪૯૪૪ પોઈન્ટથી કરી, ૫૦૭૭ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૪૭૮૬ની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૦૬૬ ઉપર બંધ આપ્યો. નિફ્ટીએ પણ સાપ્તાહિક ધોરણે ૧૩૫ પોઈન્ટના ઘટાડા સાથે સાપ્તાહિક બંધ આપ્યો.

સાપ્તાહિક ચાર્ટ પર સેન્સેક્ષ અને નિફ્ટી બંને ઈન્ડેક્ષોએ બુલીશ હરામી પેટર્નની રચના કરેલ છે જે બુલીશ રિવર્સલ પેટર્ન છે, સાપ્તાહિક કેન્ડલ ઉપર લોંગ લોવર શેડો રચાયેલ છે કારણ કે નીચે સપાટીએથી મજબુત બાઉન્સ જોવા મળેલ છે. દૈનિક ચાર્ટ પર બંનો ઈન્ડેક્ષોએ છેલ્લા ત્રણ દિવસમાં થ્રી વ્હાઈટ સોલ્જર્સ કહેવાતી બુલીશ રિવર્સલ પેટર્નની રચના કરેલ છે જે હાલ તુરતમાં જ ટ્રેન્ડ રિવર્સલના સંકેત આપી રહેલ છે.

ઓસીલેટર જેવા મે એમ એ સી ડી અને આર ઓ સી હજુ પણ નકારાત્મક પ્રદેશમાં છે અને બાય સિગ્નલ આપવાની તૈયારી કરી રહેલ છે. આર એસ આઈ તેમ જ એમ એફ આઈ એ ખરીદીના સંકેત આપી દીધેલ છે અને તે ઉપર તરફ જઈ રહેલ છે. સ્ટોકેસ્ટિક ઓસીલેટર પણ બાય સિગ્નલ આપી રહેલ છે અને ઓબીવી પણ તે મુજબ દર્શાવી રહેલ છે. દીશા સૂચક સૂચકાંકોએ તેમનો સેલ મોડ દર્શાવવાનું ચાલુ જ રાખેલ છે પરંતુ -ડીઆઈ હવે ડીઆઈ તરફ ગતિ કરી રહેલ છે.

ગત સપ્તાહે સેન્સેક્ષે ૧૫૯૬૦ અને નિફ્ટીએ ૪૭૮૬ની નીચી સપાટી દર્શાવ્યા પછી બજાર રીબાઉન્ડ થયેલ છે. હવે બજાર પુલ બેક મોડમાં છે અને સેન્સેક્ષ માટેની પુલ બેક સપાટી ૧૬૭૫૭-૧૭૦૦૩-૧૭૨૫૦ છે અને નિફ્ટી માટેની પુલ બેક સપાટી ૫૦૨૦-૫૦૯૨-૫૧૬૫ જો થોડા લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી સેન્સેક્ષની કરેકશનની સપાટી ૧૩૨૧૯-૧૮૦૪૭ તરફ નજર કરીએ તો કરેકશન સપાટી ૧૬૨૦૩-૧૫૬૩૩-૧૫૦૬૩ હોઈ શકે. તે જ રીતે જો નિટીમાં પણ ૩૯૧૮ થી ૫૩૯૯ ની સપાટીને ધ્યાને લઈએ તો કરેકશન સપાટી ૪૮૩૩-૪૬૫૯-૪૪૮૪ હોઈ શકે. સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ શુક્રવારે બાઉન્સેબ થયા પહેલાં ૩૮.૨ ટકા કરેકશન સપાટી દર્શાવેલ હતી. સેન્સેક્ષે ૧૫૯૬૦ અને નિફ્ટીએ ૪૭૮૬થી બાઉન્સબેક દર્શાવેલ હતું.

નિફ્ટી ઓ આઈ પી સી આરએ ૧.૩૪ પોઈન્ટ તંદુરસ્ત સપાટીએ છે.જે દર્શાવે છે કે બજારમાં કંઈક સ્થિરતા આવેલ છે. જુન સીરીઝ માટે ૫૧૦૦ થી ૫૨૦૦ ના સ્ટ્રાઈક ભાવે મજબુત કોલ રાઈટીંગ જોવા મળેલ છે તેજ રીતે ૪૮૦૦ ના ભાવે પુટરાઈટીંગ જોવા મળેલ છે. હવે બજાર ૪૮૦૦ની આસપાસ ટેકો અને ૫૧૦૦ થી ૫૨૦૦ ની આસપાસ પ્રતિકારક સપાટી મેળવશે તેમ કહી શકાય.

**આગામી સપ્તાહ માટે સેન્સેક્ષનો સપોર્ટ ૧૬૭૦૪-૧૬૫૫૧-૧૬૩૭૩ છે જયારે પ્રતિકારક સપાટી ૧૭૦૨૮-૧૭૨૭૬-૧૭૪૯૩ છે.**

**આગામી સપ્તાહ માટે નિફ્ટીનો સપોર્ટ ૫૦૧૭-૪૯૬૬-૪૯૦૮ છે જયારે પ્રતિકારક સપાટી ૫૧૦૫-૫૧૬૦-૫૨૧૪ છે.**

## સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 4908 | 4966 | 5017 | 5066 | 5105 | 5160 | 5214 |
| Sensex | 16373 | 16551 | 16704 | 16863 | 17028 | 17276 | 17493 |

## ગત સપ્તાહની ભલામણો પર એક નજર

| PAIR NO. | STOCK | REC. PRICE | TGT | REACHED | LOT SIZE | PROFIT |
|---|---|---|---|---|---|---|
| 1BUY | PFC | 288 | 294 | 295 | 1200 | Rs. 8,400 |
| SELL | TATAPOW | 1259 | 1196 | 1190 | 200 | Rs. 13,800 |
| 2BUY | GAIL | 453 | 461 | 460 | 1125 | Rs. 7,875 |
| SELL | BOMDYE | 514 | 483 | 475 | 1150 | Rs. 44,850 |
| 3BUY | STRIDES | 357 | 369 | 365 | 1000 | Rs. 8,000 |
| SELL | PANTALOON | 384 | 361 | 353 | 850 | Rs. 26,350 |
| | | | | PROFIT | Rs.1,09,275 | |

## આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | TGT-1 | | TGT-2 |
|---|---|---|---|---|---|
| BUY BGR ENERGY | | 593 | 582 | 611 | 632 |
| BUY BALRAMCHINI | | 80 | 78 | 84 | 88 |
| BUY APOLLOTYRES | | 70 | 68 | 74 | 78 |
| BUY DIVISLAB | | 732 | 722 | 750 | 769 |
| BUY ALSTOMPROJ | | 588 | 582 | 602 | 615 |

## આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો

Buy Apollo Tyre 70 SL 68 Tgt 74-78



Buy Divis Lab 732 SL 722 Tgt 750-769



# આ સપ્તાહે નાણાકીય, શીપીંગ અને લીકર સેકટર ખૂબ સારો દેખાવ કરશે

**તા. ૩૧મી મે થી ૫મી જુન ૨૦૧૦**
**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા ધન, મકર અને કુંભ રાશીમાં, બુધ મેષ રાશીમાં, શુક્ર મીથુન રાશીમાં, મંગળ સિંહ રાશીમાં પરિભ્રમણ કરશે. કેતુ મિથુનમાં, શનિ કન્યામાં, રાહુ અને પ્લુટો ધન રાશીમાં, નેપચ્યુન કુંભ રાશીમાં પરિભ્રમણ કરશે. ગુરુ અને યુરેનસ મીન રાશીમાં રહેશે.

**ગ્રહોકીય ચેતવણી બુધનો** ગ્રહ કે જે આપણા મુજબ ઉપર કાબૂ ધરાવે છે તે તા. ૩૦ માર્ચ, ૨૦૧૦ થી ૬ જૂન, ૨૦૧૦ દરમિયાન મેષ રાશીમાં રહેશે. આ સમય દરમ્યાન તા. ૧૮મી એપ્રિલથી તા. ૧૨મી મે તેનીચનો રહેશે. તેથી સાવચેતી રાખવી. કારણ કે આ સમયે ખોટો નિર્ણય લેવાઈ જાય કે જેને કારણે નાણાકીય નુકશાન થઈ શકે. જો કે આ બાબત વ્યક્તિગત કુંડળીઓમાં ગ્રહોના સ્થાન પર આધારિત હોય છે. જે વ્યક્તી મિથુન, કન્યા અને તુલા રાશીના હોય તેઓએ ખાસ સાવચેતી રાખવી જરૂરી.

**ચેતવણી : આવનાર સપ્તાહે ભારે ચંચળતા ચાલુ જ રહેશે.**

**આવનાર સપ્તાહે નાણાકીય સેકટર મજબૂત એસ્ટ્રોલોજીકલ સપોર્ટ મેળવી રહેલ છે. આ સેકટરમાં એલ આઈ સી હાઉસીંગ, જફ આઈ સી હાઉસીંગ, એચ ડી એફ સી, ઈન્ડિયન બેંક, એચ ડી એફ સી બેંક, યશ બેંક, યુકો વગેરે પર નજર રાખો. તા. ૧લી જુન આ સેકટર માટે હકારાત્મક રહેશે.**

**શીપીંગ સેકટર પણ સારો એસ્ટ્રોલોજીકલ સહયોગ મેળવી રહેલ છે. જીઈ શીપીંગ, શીપીંગ કોર્પોરેશન અને પીપાવાવ શીપયાર્ડ તરફ ખાસ નજર રાખો.**

**ઘડયાળો અને લીકર સેકટર પણ ખૂબ સારો એસ્ટ્રો સપોર્ટ મેળવી રહેલ છે. ઘટાડે ટાઈટન અને કેમડોવેલ ખરીદો.**

**ફાર્મા સેકટર પણ મજબૂત એસ્ટ્રોલોજીકલ સહયોગ મેળવવાનું ચાલુ જ રાખે.**

**ગત સપ્તાહની સચોટ આગાહી : ભગવાન ગણેશની કૃપાથી,**

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



સતિષ ગુપ્તા
મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬
૦૯૮૧૦૦૧૮૪૩૮
http://www.astrostocktips.in
E-mail : astrostocktips@rediffmail.com

ગત સપ્તાહે આગાહી કર્યા મુજબ નાણાકીય અને ફાર્મા સ્ટોકમાં સારી માંગ રહી હતી. બેંકીંગ શેરોમાં ફેડરલ, યસ બેંક, આંધ્ર બેંક, બેંક ઓફ બરોડા, યુકો, ઈન્ડીયન બેંક, સાઉથ ઈન્ડિયન બેંક વગેરેમાં ૬ થી ૮ ટકા વૃધ્ધિ જોવા મળી હતી. નાણાકીય ક્ષેત્રમાં એલ આઈ સી હાઉસીંગ, એચ ડી એફ સી અને દિવાન હાઉસીંગમાં પણ ૨ થી ૭ ટકા વૃધ્ધિ જોવા મળી હતી. ૨૭મી મે ના રોજ બી એસ ઈ બેંકે દ્વારા પણ ખૂબ સારો દેખાવ કરવામાં આવ્યો હતો. ફાર્મા સેકટરમાં બાયોકોન, લ્યુપીન, ડો. રેડ્ડી, દેવીસ લેબ, આઈપીસીએ અને પીરામલ હેલ્થકેરમાં ૨ થી ૮ ટકા વૃધ્ધી જોવા મળી હતી.

**નોંધ : અમે જે સેકટર માટે આગાહી કરી હોય તે બધાં જ સેકટર એક સાથે એક જ દિવસે સારો દેખાવ કરે તે જરુરી નથી.**

**ટ્રેડીંગ દ્વારા પૈસા બનાવવા બહુ જ કઠીન છે, તેથી અમો પોઝીશનલ ટ્રેડ માટે સલાહ આપીએ છીએ. પરંતુ જો કોઈને એક જ દિવસમાં નફો મળે તો નફો બુક કરી લેવો હિતાવહ રહેશે.**

## ખાસ સાવચેતી

નવી સંવત ૨૦૬૭ (હિન્દુના નવા વર્ષ મુજબ) ૧૬મી માર્ચ ૨૦૧૦થી શરુ થયેલ છે. જયારે આ નવી સંવત શરુ થઈ છે ત્યારે અવકાશી ગ્રહોની સ્થિતી, સંયોજન અને દ્રષ્ટિએ જોઈએ તો, કેટલાંક નવાં સેકટર ખૂબ સારો દેખાવ કરશે અને ઘણાં સેકટર કે જે છેલ્લી સંવત દરમ્યાન ખાસ ગતિમાં હતાં તે નબળો દેખાવ કરશે.

ઘણી વખત એવું જોવા મળેલ છે કે રોકાણકારો / વ્યાપારીઓ (જેઓ સાચી હકીકત જાણતા નથી) આવા સેકટરમાં રોકાણ કરવાનું અથવા તો ટ્રેડીંગ કરવાનું ચાલુ જ રાખે છે. (કે જે ક્ષેત્રનો જયોતિષિય સહયોગ પૂર્ણ થઈ ગયેલ છે) તે નુકશાનમાં પરિણમે છે.

દા ત ખાંડના શેરો કે જેની આગાહી અમારા દ્વારા ૧૨ માસ પહેલાં કરવામાં આવી હતી, તેમાં આ સંવત શરુ થયા પછી નિમ્નગતિ જોવા મળી, જયારે નિફ્ટીએ ૫૨ સપ્તાહની નવી ઉંચાઈ દર્શાવી. આ જ રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેકટરમાં ગત સંવત દરમ્યાન ભવિષ્ય માટે સરકાર દ્વારા સારામાં સારું આયોજન કરવામાં આવ્યું, સારા ઓર્ડરો મળ્યા, સારામાં સારું રિઝલ્ટ આવ્યું, આમ છતાં આ સેકટર સારો દેખાવ કરી શકેલ નહી.

તેથી આ ખાસ ચેતવણી આપતાં અમારી સલાહ કે દરેક વર્ષે જયારે નવી સંવત શરુ થાય ત્યારે કોઈ પણ રોકાણ કરતાં પહેલાં અથવા તો વ્યાપાર માટેનો નિર્ણય કરતાં પહેલાં તમારા નાણાકીય જયોતિષિનો સંપર્ક સાધો.

**આ નવા સંવતમાં પેપર સેકટર પણ ખૂબ સારો દેખાવ કરશે.**

# ન્યુઝ ટ્રેક

## આર્થિક વિકાસની સાથોસાથ ફુગાવાના નિયંત્રણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતી રિઝર્વ બેંક

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયોએ હવે એનું ધ્યાન આર્થિક વિકાસના વેગને માઠી અસર પહોંચાડ્યા વગર ફુગાવાને ડામવા ઉપર કેન્દ્રિત કર્યું છે. તાજેતરના મહિનાઓમાં ફુગાવાના દરમાં થયેલો તિવ્ર વધારો સત્તાવાળાઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. બે આંકડાનો ફુગાવાનો દર, છેલ્લાં ૧૭ માસમાં સૌથી વધુ છે અને એમાં પણ ખાદ્ય ચીજો, અનાજ વગેરેના ફુગાવાનો દર તો. ૧૭.૮ ટકા જેટલો ઉંચો રહ્યો હતો. ફુગાવાને નિયંત્રણમાં લેવા માટે રીઝર્વ બેંકે રેપોરેટ- રીવર્સ રેપોરેટ તથા કેશ રીઝર્વ રેશીયોમાં વધારો કર્યો છે અને આ મહત્વના નીતિવિષયક દરોમાં વધારો કરવામાં ભારત જી-૨૦ દેશોમાં ઓસ્ટ્રેલિયા પછી બીજું રાષ્ટ્ર બન્યું છે.રેપોરેટ (જે વ્યાજ દરે રીઝર્વ બેંક દેશની વાણિજ્ય બેંકોને નાણાં પુરાં પાડે છે) એક જ માસમાં બીજીવાર વધારો કરી ૫.૨૫ ટકા કરવામાં આવ્યો છે.

રીવર્સ રેપોરેટ (જે વ્યાજદર રીઝર્વ બેંક દેશની વાણિજ્ય બેંકોને એમની ડિપોઝીટ ઉપર ચૂકવે છે.) વધારીને ૩.૭૫ ટકા કરવામાં આવ્યો છે. કેશ રીઝર્વ રેશીયો (સીઆરઆર) એટલે કે વાણિજ્ય બેંકોએ એમની ડીપોઝિટોની જે ટકાવારી રોકડમાં રાખવી પડી છે, એ વધારીને ૬ ટકા કરવામાં આવ્યો છે. આ પગલાંથી બેન્કિંગ સિસ્ટમમાં નાણાંનો પુરવઠો ઘટશે અને એથી ફુગાવાના ઉંચા દર ઉપર દબાણ વધશે. આ પગલાંથી બેન્કિંગ સીસ્ટમમાં રૂ.૧૨૫૦૦ કરોડની રકમનો ઘટાડો થશે.

સદ્નસીબે એને લીધે બેંકોના ધિરાણ દરમાં હાલ પૂરતો કોઈ વધારો નહીં થાય કારણ કે બેંકોની લિક્વિટીડી આ વધારાને સહી લેવા માટે પૂરતી છે. ધિરાણના વ્યાજદર વધનારા ન હોઈ આર્થિક વિકાસ ઉપર કોઈ માઠી અસર નહીં થાય.રીઝર્વ બેંકે રેપોરેટ વગેરેમાં માત્ર ૦.૨૫ ટકાનો વધારો કર્યો છે એ એવું સૂચવે છે કે એણે ફૂગાવાને નાથવા દરમિયાન, વિત્તિય અને નાણાંકીય પગલાંને પરિણામે વિકાસ દરમાં આવેલા ક્રમશઃ વેગ ઉપર કોઈ માઠી અસર ન થાય એનું પૂરતું ધ્યાન રાખ્યું છે. નાણાંમંત્રી શ્રી પ્રણવ મુખર્જીએ જણાવ્યું છે કે રીઝર્વ બેંકે આપણાં અર્થતંત્રની જરૂરિયાતો તરફ સમતોલ અને પરિપક્વ અભિગમ દાખવ્યો છે. એનાં પગલાંની અર્થતંત્રમાં નાણાંના પુરવઠા ઉપર સાધારણ અસર પડશે. જો કે રીઝર્વ બૅંકે ઓવો સ્પષ્ટ સંકેત આપ્યો છે કે, હળવા વ્યાજ દરોનો સમયગાળો હવે પૂરો થયો છે અને આપણે હવે બજારનાં પરિબળોથી દોરવાતાં અર્થતંત્ર માટે તૈયાર રહેવું પડશે.

તાજેતરનાં પગલાંને પરિણામે ચાલુ નાણાંકીય વર્ષમાં ફુગાવાનો દર ઘટીને ૫.૫ ટકા થવાનો રીઝર્વ બેંકને વિશ્વાસ છે. જો કે નાણાં મંત્રીના મતે ચાલુ નાણાંકીય વર્ષના અંત સુધીમાં આ દર ઘટીને માત્ર ૪ ટકા થઈ જશે. ચાલુ વર્ષનો આર્થિક વિકાસ દર ૮.૫ ટકા અને૨૦૧૧-૧૨નો વિકાસ દર ૯ ટકા અંદાજાયો છે.

અલબત્ત કેટલાક જોખમી પરિબળો તો છે જ. પહેલું પરિબળ છે વરસાદનું. વરસસાદ જો સારો પડશે તો કોઈ પ્રશ્ન ઉભો નહીં થાય બીજું પરિબળ ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવોમાં વધઘટ છે, કારણકે એની અર્થતંત્રના લગભગ તમામ ક્ષેત્રો ઉપર અસર થાય છે. વૈશ્વિક અર્થતંત્રના વિકાસની ઝડપનો પણ આપણા વિકાસ ઉપર પ્રભાવ પડશે. રૂપિયાની વધેલી મજબૂત -ડોલર સામે એના મૂલ્યમાંના વધારાથી નિકાસ ક્ષેત્રે ચિંતા ઉભી થઈ છે. આ ક્ષેત્ર એની મુશ્કેલીઓમાંથી હજી હમણાં જ બહાર આવ્યું છે. ભારત વૈશ્વિક મંદીના પ્રભાવમાંથી હવે બહાર આવી ગયું છે એમાં કોઈ જ શંકા નથી. એશિયાનું ત્રીજું સૌથી વિશાળ એવું ભારતનું અર્થતંત્ર હવે વધુ ઝડપી વિકાસના રાહ ઉપર આગળ વધી રહ્યું છે. મોટાં અર્થતંત્રોમાં એક માત્ર ચીનના વિકાસની ઝડપ આપણાથી વધુ છે.

આમ છતાં સરકાર માટે સૌથી મોટી ચિંતારૂપ ફુગાવાના દરને નિયંત્રણમાં રાખવા મહત્વના ચાવીરૂપ વ્યાજદરોની સમયાંતરે સમીક્ષા થતી રહેશે એવા સંકેતો મળે છે. નાણાંકીય નીતિની પ્રથમ ત્રિમાસિક સમીક્ષા ૨૭મી જુલાઈ, ૨૦૧૦ના રોજ થશે. નાણાં મંત્રીએ જણાવ્યું છે એમ, આપણે ફુગાવાને નિયંત્રણમાં રાખવાની સમસ્યા ઉપર થોડા વધુ સમય સુધી ધ્યાન રાખવું પડશે. જો કે, ખાવાની ચીજવસ્તુઓ ઉપર ફુગાવાનું દબાણ હવે ઘટવા માંડ્યું છે.

જો કે, આ સંબંધમાં માત્ર નાણાંકીય નીતિઓની શક્તિની મર્યાદાઓ રહેલી છે. ફુગાવાને નિયંત્રણમાં રાખવાની સાથોસાથ આર્થિક વિકાસને વેગ આપવા અન્ય વિત્તિય પગલાંનો સમન્વય જરૂરી છે. આ ઉપરાંત પુરવઠામાં સુધારો તેમજ વધુ સારી વિતરણ વ્યવસ્થા પણ અર્થતંત્ર માટે મહત્વની બનશે. આ સંજોગોમાં ઉત્તમ વિકલ્પ મધ્યમ, સમતોલ અભિગમ અપનાવવાનો છે અને રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજ વિકલ્પની પસંદગી કરી છે.

**યશ મેનેજમેન્ટ, બીએસઈ કોડ ૫૧૧૬૦૧, હાલનો ભાવ રૂ.૮.૨૩**

**નેનો ટેક્નોલોજી ક્ષેત્રે દિવસે અને દિવસે હરણફાળ પ્રગતિ કરતી આ કંપની આવનાર દિવસો અને વર્ષોમાં અણધારેલી સફળતા દર્શાવશે અને આ કંપનીમાં હાલના ભાવે કરેલ લાંબા ગાળાનું રોકાણ ઉમદા વળતર આપી શકે છે.**

જાહેરાત

**યશ મેનેજમેન્ટ એટલે નેનો ટેકનોલોજી ક્ષેત્રે છૂપાયેલો હીરો**

# મે ની ધોમધખતી ગરમી અને શેરબજારની મંદીએ બંનેએ સમગ્ર દેશમાં કાળો કેર વર્તાવ્યો અને લીધી વિદાય

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**પૂંજ લોઈડ લી.**
**બીએસઈ કોડ૫૩૨૬૯૩**
**હાલનો ભાવ રૂ.૧૩૮**

ઉપર જણાવ્યા મુજબ વર્ષોથી મે માસમાં મોસમની સખ્ત ગરમી અને શેર બજારમાં ભયંકર મંદી, આ બંને વસ્તુઓથી રોકાણકાર ત્રાહીમ ત્રાહીમ પોકારી જાય છે. પરંતુ જેમ પાપની તાકાત હોય પરંતુ આયુષ્ય ના હોય તે રીતે આ વસ્તુ પણ ખૂબ જ ટૂંકા ગાળા માટે હોય છે એટલે કે આવતા સપ્તાહથી શરૂ થતું જુન માસનું પ્રથમ ટ્રેડીંગ વીક લગભગ મેઘરાજાના આગમન સાથે બજારમાં તેજી રૂપી ભીની માટીની સુગંધ લહેરાવશે.

## સર્કિટ ૨ સર્કિટ (અપર)



અશ્વિન શાહ
મો. ૯૯૨૫૦૦૨૬૧૯
(કે.પી. કમાલ) મુંબઈ
www.theeagleinvestor.co.in

ગત સપ્તાહમાં બજાર પ્રથમ બે દિવસની એટલે કે સોમવાર મંગળવારની ભયંકર મંદી વટાવ્યા પછી ગ્લોબલ માર્કેટના સુધારા સાથે ઓવરસોલ્ડ થયેલ બજાર અચાનક ઉછળ્યું અને સપ્તાહના અંતે લગભગ બે - ત્રણ સપ્તાહ પછી મુંબઈ શેર બજાર આંક સાપ્તાહિક ૪૧૬ પોઈન્ટના વધારા સાથે ૧૬૮૬૩ પોઈન્ટે બંધ આવ્યો.

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**પૂંજ લોઈડ લી.**
**બીએસઈ કોડ૫૩૨૬૯૩**
**હાલનો ભાવ રૂ.૧૩૮**

કેપિટલ ગુડસના વ્યવસાય સાથે સંકળાયેલ ખૂબ જ જુની અને જાણીતી પૂંજ ગ્રુપ દ્વારા પ્રમોટ કરાયેલ આ કંપની મીની લાર્સન એન્ડ ટુબ્રો છે. છેલ્લા ૧૦ દિવસમાં આ કંપનીનો શેર લગભગ ૩૫ થી ૪૦ ટકા તૂટી ગયેલ છે, તો આ શેરમાં હાલના ભાવે આંખો મીંચીને રોકાણ કરવું જોઈએ. આવનાર દિવસોમાં આ કંપનીના શેરમાં રૂ. ૪૦ થી ૫૦ નો ઉછાળો જોવા મળે તેમ જણાઈ રહેલ છે.

**જી એમ આર ઈન્ફ્રા**
**બીએસઈ કોડ ૫૩૨૭૫૪**
**હાલનો ભાવ રૂ.૫૯**

ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાય સાથે મોખરાનું સ્થાન ધરાવતી આ કંપનીએ તાજેતરમાં ખૂબ જ સારાં ત્રિમાસીક પરિણામો જાહેર કરેલ છે. કંપનીનો નેટ પ્રોફીટ ૨૫ ટકા જેવો વધેલ છે. તો ૫૨ સપ્તાહની તળિયાની સપાટીની આસપાસના ભાવે મળતો આ શેર હાલ ઝડપી લેવા જેવો છે.

**સંગમ ઈન્ડિયા લી.**
**બીએસઈ કોડ ૫૧૪૩૨૪**
**હાલનો ભાવ રૂ.૩૮**

ટેક્ષટાઈલ, સ્પીનીંગ, કોટન સ્પીનીંગ અને પોલીસ્ટર યાર્નના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની ઘણા લાંબા સમય પછી ખોટમાંથી બહાર આવે છે. કંપનીએ ગત વર્ષના સાડા ત્રણ કરોડની ખોટ સામે સાડા સાત કરોડનો નફો સાધ્ય કરેલ છે. તો હાલના ભાવે આ કંપનીમાં કરેલ રોકાણ ભવિષ્યમાં લોટરી જેવું સાબિત થઈ શકે તેમ છે.

**એપટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૨૫**

જાણીતા બીગબુલ રાકેશ ઝૂનઝૂના વાલા દ્વારા પ્રમોટ કરાયેલ આઈટી એજ્યુકેશનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર અત્યારે હાલ પાણીના ભાવે ઉપલબ્ધ છે. કંપનીની બોર્ડ મીટીંગ તા. ૩૧.૫ ને સોમવારના રોજ મળનાર છે. તે ખૂબ જ સુંદર ત્રિમાસિક પરિણામો જાહેર કરે તેવી શયકતા છે, તો આ કંપનીમાં ડીલીવરી બેઈઝ રોકાણ કરવું હિતાવહ છે.

**ગીતાંજલી જેમ્સ લી. .**
**બીએસઈ કોડ ૫૩૨૭૧૫**
**હાલનો ભાવ રૂ.૯૬**

જેમ્સ અને જવેલરીના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર છેલલા ૧૦ દિવસમાં તેની ૫૨ સપ્તાહની તળિયાની સપાટીએ આવી ગયેલ છે. તો આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૨ અને કમાવવાના ૨૦ ની શકયતા છે. ડીલીવરી બેઈઝ રોકાણ હિતાવહ રહેશે.

## આવતા સપ્તાહમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કેપિટલ ગુડસ એન રિયલ એસ્ટેટના શેરોમાં આગ ભભૂકતી તેજી !!!

## પૂંજ લોઈડના શેર પોર્ટફોલીયોમાં વસાવો અને તમારા કુટુંબને એલ એન્ડ ટી જેવું સમૃધ્ધ બનાવો

# જીડીપી ડેટા અને ચોમાસુ હવે પછીના બજારને અસરકર્તા મહત્ત્વના પરિબળો : સ્પેનનું ડાઉનગ્રેડ નકારાત્મક અસરો નોંધાવશે

છેલ્લા ત્રણ સત્રની પુલ બેક રેલી મજબૂત રહી અને નિફ્ટીએ ૧૩૫ પોઈન્ટની વૃદ્ધિ સાથે ૫૦૬૬ની ઉંચી સપાટી એ બંધ આપ્યો. પરંતુ આગળ જતાં વૈશ્વિક પરિબળોની ચિંતાએ બજાર પર દબાણ લાવ્યું અને તેથી કદાચ આ રેલી લાંબો સમય ન પણ ટકી શકે. ફીચ દ્વારા સ્પેનને ડાઉનગ્રેડ કરવામાં આવેલ છે. આ ડાઉનગ્રેડ બાદ યુરોપિયન સેન્ટ્રલ બેંક દ્વારા અન્ય દેશોનું ડાઉનગ્રેડીંગ ન થાય તેથી ચિંતા દર્શાવવામાં આવી છે. ઉપરાંત મજૂર સંઘોની હડતાળો તેમજ ઈન્વેસ્ટમેન્ટ બેંક પણ બજાર પર દબાણ લાવી રહેલ છે. જ્યાં સુધી નિફ્ટી ૫૨૦૦ નીચે છે ત્યાં સુધી સાંપ્રત સુધારાને પુલબેક રેલી ગણવી જોઈએ. જો નિફ્ટી ૫૨૦૦ની સપાટી વટાવવામાં નિષ્ફળ રહેશે તો ફરી એકવાર વેચવાલીનું દબાણ આવશે. જ્યારે ૪૯૦૦ની સપાટી જો તૂટે તો પેનિકની પરિસ્થિતિ સર્જાય.

## હોટ ટોક



તન્મય જી. પુરોહિત
મો. ૯૮૫૦૬૯૫૯૯૪
EMail: Web Blog :
www.tanmaygopal.com

**ટાટા કોમ્યુનિકેશન (૨૪૭) :** આ શેર છેલ્લા એક વર્ષથી એક ધારો નિમ્નગતિમાં ચાલી રહેલ છે. અને બજારની રેલીમાં પણ આ શેરે કોઈ ભાગ લીધો નથી. હમણાં જ આ શેરે મારું વોલ્યુમ જોવા મળી રહેલ છે અને ટૂંકાગાળાના ઉછાળાની શક્યતા જણાય છે. આ શેરમાં ૨૪૪ થી ૨૪૭ની લેણ કરી રૂા. ૨૩૦નો સ્ટોપલોસ રાખવો અને ઉપરમાં ૨૬૭ થી ૨૭૦નો લક્ષાંક ધ્યાનમાં લેવો.

**કેનેરા બેંક (૩૯૮) :** આ શેર ટૂંકા ગાળાની અગત્યની મુવિંગ એવરેજ નીચે ચાલી રહેલ છે. હવે પછીનો ટેકો ૨૦૦ ડીએમએ એટલે કે રૂા. ૩૭૦ છે. બજારની તેજીમાં પણ આ શેર વધવામાં નિષ્ફળ રહેલ છે અને નબળો જણાય છે. આ શેર રૂા. ૩૯૭, ૩૯૯ ના ભાવે વેચો. લક્ષાંક ૩૭૦ સ્ટોપલોસ ૪૧૦

**ટાટા સ્ટીલ (૪૯૭) :** આ શેરે ૫૨૦નો મહત્ત્વનો ટેકો તોડી નાખેલ છે. અને હજુ પણ વધુ નિમ્ન ગતિ દર્શાવી રહેલ છે. તે ૬ માસની નીચી સપાટીએ વેચાઈ રહેલ છે. અને ૪૭૩ નીચે બીજો મહત્ત્વનો ટેકો, રૂા.૪૩૩ હોઈ શકે. રેલીમાં ૫૦૨ થી ૫૦૭ ના ભાવે વેચો. સ્ટોપલોસ રૂા. ૫૨૫ રાખો. લક્ષાંક ૪૭૦ રાખો.

# ચાર્ટ દ્વારા બજારની રૂખની દીશાની ધારણા

**ચાર્ચ દ્વારા બજારની રૂખની દીશાની ધારણા**

'ટેકનીકલ એનાલીસીસ એ ચોક્કસ સમય ગાળાની ભવિષ્યની ગતિવીધીની આગાહી સિવાય કંઈ જ નથી', ટેકનીકલ એનાલીસીસની આવી મૂળ ઓળખ બીજી બાબતો સાથે તમે દરેક જગ્યાએ વાંચતા હશો.

## લર્ન એન્ડ ટ્રેડ



એ. શીવા
મો. ૯૬૦૦૪૮૮૧૩૬
Email :
tipssbsense_er@yahoo.co.in
http://www.tipssbsense.blogspot.com

ટેકનીકલ એનાલીસીસમાં પ્રવેશ કરતાં પહેલાં આપણે ટેકનીકલ એનાલીસીસની મૂળભૂત બાબતો અને ચાર્ટ રીડીંગ વિષે જાણવું જોઈએ.

અતે ચાર્ટ રીડીંગ અને ટેકનીકલ એનાલીસીસની કેટલિક ખૂબ જરૂરી બાબતોની આપણે ચર્ચાકરીશું.

**વિજ્ઞાન કરતાં કળા વધારે છે**

એક સોદો કરવા નિર્ણય પર આવવા માટે માટે રોકાણના દ્રષ્ટિકોણથી ઘણા રોકાણલક્ષી પાસાંને ધ્યાનમાં લઈ નિર્ણય પર આવી શકાય છે. (તેથી તે કળા છે.) ટેકનીકલ એનાલીસીસથી આ શકય બનતું નથી, કારણ કે એક જ સરખા ચાર્ટ પરથી અલગ અલગ રોકાણકાર એનાલીસ્ટો અલગ અલગ અર્થ તારવી શકતા હોય છે. તેથી ચાર્ટ વાંચવો એ પણ એક કળા છે કે જયાં દરેક એનાલીસ્ટ અલગ અલગ દ્રષ્ટિકોણથી પરિસ્થિતિને મૂલવતા હોય છે.

**વધુ જાણકારીની જરુર નથી.**

બજાર અંગે ઘણી બધી માહિતિ ઉપલબ્ધ હોય છે તેથી આમ કેમ બન્યું તે વિચારીને લોકો ભ્રમિત થઈ જતા હોય છે. બજારમાં ઘણીવાર આપણે આ બાબતો જાણી શકતા નથી, તેથી હવે પછીના ભાવ અંગેની વિગતો વિષે શોધખોળ કરી જાદુઈ રીતે તેનો ઉકેલ મેળવવાને બદલે, ટેકનીશીયન ભૂતકાળમાં થએલા બનાવ, અને ભવિષ્યપર તેની શું અસરો થઈ હતી તેનું અર્થઘટન કરે છે.

**ઈતિહાસ પુનરાવર્તિત થાય છે**

ઈતિહાસનો અભ્યાસ એ બાબત પુરવાર કરે છે કે લાંબા સમયે એક વખત બનેલી પેટર્ન તેમની જાતે જ પુનરાવર્તિત થતી હોય છે. ભવિષ્યને જાણવા માટે ભૂતકારની બાબતો ઉપર આધાર રાખવા માટે આપે આ પેટર્નનો લાભ ઉઠાવી શકીએ છીએ.

**પોતાની જાતે જ આગાહી કરવી**

શકય છે કે બધા લોકો એક જ પેટર્ન જોતા હોય અને તે પર સરખી પ્રવૃત્તિ કરતા હોય તેથી તે પેટર્ન દ્વારા કરવામાં આવેલ આગાહીને બળ મળે. જો તમે સાચી દીશામાં ટ્રેડ કરતા હોય તો આ બાબત તમારા માટે હકારાત્મક હશે. પરંતુ જો બધા એક સાથે બહાર નિકળવા માટે પ્રયાસ કરતા હશે તો તે નકારાત્મક બની રહેશે.

**અવળી ગતિ**

જયારે બધા એક જ પોઝીશન અંગે વિચાર કરે છે ત્યારે વેપારમાં તે દીશામાં ખૂબ જ ભીડ જોવા મળે છે ત્યારે અનઅપેક્ષિત રીતે ભાવોમાં બદલાવ આવે છે. જો લોકોની ભીડ વેચવાલી તરફ હોય તો, પહેલાં જે હકારાત્મકતા દેખાતી હતી તે નકારત્મકતામાં પરિણમે છે.

**બજાર બધું જ ડીસ્કાઉન્ટ કરે છે.**

આ નો અર્થ એ કે બજારમાં જે ભાવો પ્રસ્તુત થાય છે તેને બજાર જે બાબત જાણે છે તે દરેક પાસાંની અસર થાય છે પછી જ ભાવ પ્રસ્તુત થાય છે. દા. ત. માંગ અને પુરવઠો, રાજકીય બાબતો અને માર્કેટ સેન્ટીમેન્ટ જેવી બાબતો. ખરેખર ટેકનીકલ એનાલીસ્ટને ભાવની વધઘટ સાથે સંબંધ સંબંધ હોતો નથી.

**શેબના ભાવ રૂખની દીશામાં જ ગતિ કરે છે.**

ટેકનીકલ એનાલીસીસનો ઉપયોગ બજારની વર્તણૂકની લાંબા ગાળાની સંભાવનાની પેટર્નને ઓળખવા માટે થાય છે. ઘણી પેટર્ન રચાય છે અને તે અપેક્ષિત પરિણામ દર્શાવશે તેવી ખૂબ જ શકયતાઓ પણ હોય છે. તેથી તેમાંથી એ પેટર્ન માન્યતાપ્રદ છે કે જે સતત રીતે પંનરાવર્તિત થતી હોય.

**ઈતિહાસ આપમેળે જ દોહરાય છે.**

